# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) બિરસા મુંડાની 150મી જન્મ જયંતી નિમિત્તે આદિવાસી જિલ્લા ડાંગમાં મુખ્યમંત્રી દ્વારા ઉજવણી કરાશે
2) અમદાવાદમાં કોન્સ્ટેબલે વિદ્યાર્થીની હત્યા કર્યાનું ખુલ્યા બાદ ડીજીપીની કડક સૂચના. - કોઇપણ પોલીસ કર્મી કે અધિકારીની ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણી ખુલશે તો સખત કાર્યવાહી કરાશે
3) પેરામેડીકલમાં પ્રવેશ મેળવવા માટેનો ચોથો રાઉન્ડ શરૂ. - 18 નવેમ્બર સુધી વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી શકશે
4) રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં દક્ષિણ ભારતના 7 રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી.
5) દૃષ્ટિની ક્ષતિ ધરાવતા લોકો માટે અમદાવાદ ખાતે ત્રિ-દિવસીય વિશ્વ પરિષદનું આયોજન.
6) આજે દેવ દિવાળી અને ગુરૂનાનક જયંતી નિમિત્તે મંદિરો અને ગુરૂદ્વારામાં વિશેષ કાર્યક્રમ.

---

# Janjati Adivasi Nyay Maha Abhiyan

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી નિમિત્તે રાજ્યકક્ષાની ઉજવણીનાં ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ડાંગના આહવા ખાતે ઈ-સંવાદ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી આ પ્રસંગે જિલ્લામાં 102 કરોડ રૂપિયાનાં 37 વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.

આજે તેઓ પીએમ જનમન" અન્વયે જનજાતીય લાભાર્થીઓ સાથે પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમમાં આહવા ખાતે ઉપસ્થિત રહેશે. પોલીસ પરેડ મેદાનમાં મુખ્યમંત્રી આદિવાસી સમાજન લાભાર્થીઓ સાથે આ પ્રસંગે આહવા ખાતે સંવાદ પણ સાધશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે યોજાનાર આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર  કુબેર ડિંડોર સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અગાઉ, મુખ્યમંત્રી આદિજાતિ સમાજના આસ્થાના કેન્દ્ર એવા “શબરી ધામ” ખાતે મા શબરી, પ્રભુ શ્રીરામ તથા શ્રી લક્ષ્મણજીના દર્શન કરી, પુજા અર્ચના કરશે. જ્યારે અમદાવાદના બાવળા તાલુકાના શિયાળ ગામે મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં “જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાશે.

આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ પણ જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવશે. તેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા લીંબડી તાલુકની રાણાગઢ માધ્યમિક શાળા ખાતે અને તાપી જિલ્લાના વ્યારા ખાતે આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોર ઉપસ્થિત રહેશે.

---

# DGP SAMBODHAN

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ગાંધીનગર સ્થિત કરાઈ ખાતેથી કે. યુ બેન્ડ મારફતે રાજ્યભરની પોલીસને સંબોધન કર્યું હતું..

કોન્સ્ટેબલથી લઈને પોલીસ કમિશનર રેન્કના અધિકારીઓને સંબોધન કરતાં તેમણે બોપલ ઘટનાના સંદર્ભથી પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને કડક સૂચના આપી હતી અને કહ્યું હતું કે, કોઈ પણ પોલીસ કર્મચારી કે અધિકારી ગુનાહિત પ્રવૃત્તિ કરશે તો તેની સામે કડકમાં કડક પગલાં લેવાશે. કે.યુ બેન્ડ મારફતે સંબોધન કરતા ડીજીપીએ કોન્સ્ટેબલથી લઈને પોલીસ કમિશનર રેન્કના રાજ્યભરના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંબોધન કર્યું હતું.

---

# PERA MEDICAL ADMISSION

નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના પેરામેડીકલના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો ચોથો રાઉન્ડ શરૂ થયો છે. ચોથા રાઉન્ડમાં વિદ્યાર્થીઓ 18 નવેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. જે કોલેજો એકથી ત્રણ રાઉન્ડ દરમિયાન પ્રવેશ પ્રક્રિયા ન જોડાઈ હોય તેવી અને તદન નવી અને તથા જૂની કંપનીઓ ઓનલાઇન ચોથા રાઉન્ડ માટેની લાગુ પડતી તમામ માહિતી 16 નવેમ્બરે સાંજે 4 વાગ્યા સુધીમાં પ્રવેશ સમિતિ ખાતે જમાં કરાવવાની રહેશે. આયુર્વેદ અને હોમિયોપેથીમાં ચોથા રાઉન્ડનું ઓનલાઈન એલોટમેન્ટ અને રિપોર્ટિંગ 14 નવેમ્બર સુધી રાખવામાં આવ્યું હતું.

જેમાં 499 બેઠકો પર પ્રવેશ મેરીટ પ્રમાણે આપવામાં આવ્યો છે. ચોથા રાઉન્ડના અંતે BAMSની 84 અને BHMSની 59 બેઠક ખાલી છે.

BAMSની 3 હજાર 410 બેઠકમાંથી 3 હજાર 326 બેઠક ભરાઈ છે, જ્યારે BHMSમાં 4 હજાર 284 બેઠકમાંથી 4 હજાર 225 બેઠક ભરાઈ છે. બંને કોર્સમાં 143 બેઠક ખાલી પડેલી છે.

------------------------------------------------------------------

## RAJBHAVAN CELEBRATION

રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં દક્ષિણ ભારતના સાત રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ભારત દેશ વિભિન્ન સંસ્કૃતિઓનો દેશ છે. અલગ અલગ વેશભૂષા, ભાષા, ખાન-પાન, સંસ્કૃતિ હોવા છતાં વિવિધતામાં એકતા છે. આપણા દેશને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના રૂપમાં મહાશક્તિ બનાવવા અને દેશના નાગરિકો અન્ય રાજ્યની સંસ્કૃતિથી અવગત થાય તે માટે રાજભવનમાં વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે.

રાજભવન ખાતે દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, લક્ષ્યદ્વીપ તથા પુડુચેરીના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

------------------------------------------------------------------

## BLIND WORLD CONFERENCE-AHMEDABAD

ભારતમાં પ્રથમ વખત દૃષ્ટિની ક્ષતિ ધરાવતા લોકો માટે અમદાવાદ ખાતે ગઈકાલથી ત્રણ દિવસ માટે વિશ્વ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. દ્રષ્ટિહીનોને પણ ભણતર સહિત દરેક જગ્યાએ સમાન અધિકાર મળે અને દેશના સર્વાંગી વિકાસમાં પોતાનો ફાળો આપી શકે તે ઉદેશ્ય સાથે વિવિધ દેશો સાથે મળી વિશ્વ કક્ષાની પરિષદનું દર વર્ષે આયોજન કરે છે. આ વર્ષે અમદાવાદમાં ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે આ ત્રિદિવસીય વિશ્વ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

16 નવેમ્બર સુધી ચાલનાર આ પરિષદમાં 63 દેશના 400 થી વધુ લોકોએ ભાગ લીધો છે અને તેમાં 120 જેટલા વિવિધ પેપર અલગ અલગ ભાષામાં રજૂ થશે. વિવિધ દેશના મહેમાનો એક સાથે મળીને દ્રષ્ટિહિન અથવા તો દ્રષ્ટિમાં ક્ષતિ ધરાવતા તથા લોકો ના અભ્યાસ માટે કેવી યોજનાઓનું ઘડતર કરી શકાય તે અંગે ચર્ચાઓ  કરશે. યુનિવર્સિટીની સાથે અંધજન મંડળ અને સેન્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયા એમ ત્રણ સંસ્થાઓએ સાથે મળી આ પરિષદનું આયોજન કર્યું છે.

---

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

---

## Dev Diwali

આજે દેવ દિવાળીની ઉજવણી હર્ષોલ્લાસ સાથે સમગ્ર રાજ્ય અને દેશભરમાં થઈ રહી છે. દેવ દિવાળી કારતક માસની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે.

આજના દિવસે દીવાનું દાન કરવાની પરંપરા ખૂબ જ વિશેષ માનવામાં આવે છે. આ દિવસે સૌથી વધુ ભવ્યતા ભગવાન શિવની નગરી કાશી, હરિદ્વાર અને પ્રયાગરાજમાં જોવા મળી રહી છે. આ સાથે જ ગઈકાલે પાટણના સિદ્ધપુર નદીના પટમાં ભરાતા કાર્તિક પૂર્ણિમાના મેળાને રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે ખુલ્લો મુકાયો.

આ મેળામાં પાટણ જિલ્લા સહિત મોટી સંખ્યામાં લોકો તેમના સ્વજનોની તર્પણ વિધિ માટે ઉમટી પડતા હોય છે. દેવદિવાળીની સાથે આજે ગુરુ નાનક જયંતિની પણ ઠેર ઠેર ઉજવણી થઈ રહી છે. શીખ ધર્મના પ્રથમ ગુરુ એવા ગુરુ નાનક દેવજી ના જન્મદિવસે ગુરુ નાનક જયંતિ ઉજવવામાં આવે છે. આજનો દિવસ ગુરુ પર્વ અથવા પ્રકાશ પર્વ તરીકે પણ ઓળખાય છે. આ દિવસ શીખ સમુદાયનો સૌથી મોટો તહેવાર છે. આજના દિવસે ગુરૂદ્વારામાં ભજન કીર્તનની સાથે લંગરનું આયોજન પણ કરવામાં આવશે.

---

# Ayushman vay vandan

દાહોદ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા આયુષ્માન વય વંદના કાર્યક્રમ હેઠળ જિલ્લાના 70 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરીકોને આયુષ્માન ભારત કાર્ડ મળી રહે તે માટે એક ઝુબંશ ચાલી રહી છે.  આ કામગીરીને વધુમાં વધુ પરિવારો સુધી પહોંચાડવા માટે આરોગ્ય શાખા ઘરે ઘરે જઈ કાર્ડ બનાવવાની સેવા આપી રહી છે. આ કાર્ડ થકી આયુષ્માન ભારત કાર્ડ થકી વરિષ્ઠ લોકોને વિવિધ બીમારીઓમાં 10 લાખ સુધી સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ થશે. અત્યાર સુધીમાં 50 હજાર કરતા વધુ કાર્ડ બનાવવામાં આવ્યા છે. તેમ દાહોદના આયુષ્માન ભારતના પ્રોગ્રામ ઓફિસર ડોક્ટર અનુરાગે જણાવ્યું હતું.

(ઓડિયો : ડૉ. અનુરાગ, પ્રોગ્રામ ઓફિસર આયુષ્માન ભારત, દાહોદ)

---

# AANAD PASHU DAN

આણંદ જિલ્લાના ચિખોદરા ગામ ખાતે આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા ૧૧ લાભાર્થીઓને ત્રણ ગુણ દાણ સહાય સ્વરૂપે પશુપાલન નિયામક ડોક્ટર ફાલ્ગુનીબેન ઠાકરના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.  આ પ્રસંગે પશુપાલન વિભાગના અધિકારીઓ સહિત ગ્રામજનો અને પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(ઓડિયો - ફાલ્ગુનીબેન ઠાકર, પશુપાલન નિયામક)

---

## TAAJPUR JAAHERNAAMU-PANCHMAHAAL

પંચમહાલ જિલ્લામાં પ્રસિદ્ધ તાજપુરા નારાયણધામ આશ્રમ ખાતે આજે યોજાનાર અન્નકૂટના તહેવારમાં ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોઈ વાહન વ્યવહાર અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે એક જાહેરનામું બહાર પાડ્યુ છે.

આજે હાલોલ તાલુકાના વાંસેતી ગામની ચોકડીથી તાજપુરા નારાયણધામ આશ્રમ સુધી ફકત આવવા માટે તેમજ તાજપુરા નારાયણધામ આશ્રમથી ઘોડી ગામ થઈ હાલોલ/વડોદરા તરફ ફકત પરત જવા માટે ગોપીપુરા ચોકડી સુધીનો રસ્તો એકતરફી રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

---

## RANGERS COLLAGE CONVOCATION

રાજપીપલાની જી. એફ. આર. સી. કેમ્પસ ખાતે ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ રાજપીપલાના 19માં પદવીદાન સમારોહ યોજાયો હતો.. ગુજરાત રાજ્યના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ એન્ડ હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ યુ. ડી. સિંઘ ની ઉપસ્થિતિમાં  પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં બિહારના ૪૨ અને ગુજરાતના એક એમ કુલ 43 વિદ્યાર્થીઓને પાસિંગ આઉટ પરેડ સાથે પદવી એનાયત કરાઈ હતી. આજના આ પદવીદાન સમારોહમાં 18 માસની સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનારા તથા ઉત્કૃષ્ટ દેખાવ કરનારા તાલીમાર્થીઓને 7 હોનર્સ, 36 પાસ અને 5 મેડલ સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ રેન્જર્સ કોલેજમાં વન અને પર્યાવરણને લગતા 19 વિષયોની તાલીમ આપવામાં આવે છે. જેમાં વન, અભ્યારણ, નેશનલ પાર્ક અને વિવિધ વનની સંસ્થાઓની મુલાકાત કરવા તથા ફિલ્ડ એક્સરસાઈઝમાં નર્સરી, પ્લાન્ટેશન અને કલ્ચરલ ઓપરેશન, મેન્સ્યુરેશન, માર્કિંગ અને લોગીંગ, રોડ એલાઈન્મેન્ટ, એન્જિનિયરીંગ, વર્કિંગ પ્લાન અને ઇકોલોજીકલ સેન્સસ ટેક્નીક વગેરેની પણ તાલીમ આપવામાં આવે છે.

-----------------------------------------------------------------